

# ભૂખ્યું તેતર

– જય ભિખ્ખુ

એક ચીડિયામાર હતો.

એ જંગલમાંથી ખાસ કરીને તેતરોને પકડી લાવતો. લાવીને પાંજરામાં પૂરતો. સારું ખવરાવતો. સારું પીવરાવતો. તેતર જ્યારે ખાઈ–પીને તાજું–માજું થાય ત્યારે વેચી દેતો. આ રીતે એને ખૂબ પૈસા મળતા.

એક દિવસ એક તેતર આ ચીડીમારની જાળમાં ફસાયું. ચીડીમારે એને લાવીને બીજા તેતરની સાથે પાંજરામાં પૂર્યું. પૂરીને સારી જાતનું ખાવાનું લાવીને નાખ્યું.

તેતરે વિચાર્યું કે આ માણસનું અન્ન ખાવાલાયક નથી. દુનિયામાં કેટલાકનું અન્ન ખાવામાં સાર છે. કેટલાકનું અન્ન ન ખાવામાં સાર છે. જો એનું અન્ન ખાઈશ, તો મારું શરીર તાજુંમાજું થશે. અને હું તાજોમાજો થઈશ, તો એ તરત મને વેચી નાખશે.

તેતરે ખાવાનું બંધ કર્યું. દિનદહાડે સૂકાતું ચાલ્યું. આવા સુકાયેલા તેતરને કોણ લે ? ધીરે ધીરે બધાં તેતર વેચાઈ ગયાં. પાંજરું ખાલી થઈ ગયું.

એક દિવસ ચીડીમાર પાંજરું સાફ કરવા બેઠો. એની નજર ખૂણામાં પડેલા એક દૂબળા–પાતળા તેતર પર પડી. તેણે તેને કાઢી બહાર મૂક્યું.

લાગ જોઈને તેતર ઊડી ગયું. ઘણે દિવસે બધાં તેતરોએ એને ભાળ્યું એટલે બધાં પૂછવા લાગ્યાં: ‘કયાં ગયા હતા ને આટલા દૂબળા કેમ પડી ગયા ?’

ડાહ્યા તેતરે કહ્યું: ‘હું મોતની જાળમાં સપડાયો હતો, પણ લાંબા વિચારથી જીવતો રહ્યો. શાણા જીવે ખાવાનું દેખીને ખાવું નહિ, પણ વિચાર કરીને ખાવું. લૂલીને હંમેશાં વશ રાખવી.’

■